# જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, પોરબંદર
## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અને ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ અને The Gujarat Epidemic Diseases Act 1897 અન્વયેનું જાહેરનામું

નં.એમએજી/સી/કોરોના/જા.નામુ/૩૮/૨૦૨૦/૨ તા.૦૩/૦૮/૨૦૨૦

વંચાણે લીધા :–
(૧) આ કચેરીના જાહેરનામા ક્રમાંકઃએમએજી/સી/કોરોના જા.નામું/૨૦૭/૨૦૨૦/૧, તા.૨૦/૦૭/૨૦૨૦

**–:: જાહેરનામું::–**

આ કચેરીના વંચાણે લીધા ક્રમ–૧ થી ૪ ના જાહેરનામાંઓથી ફોજદારી કાર્યરિતિઅધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪, The Disaster Management Act 2005 ની કલમ–૩૦ તથા કલમ–૩૪ અને The Gujarat Epidemic Deases. COVID-19 Regulations, 2020 ની કલમ–૨અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવેલ વિસ્તારને કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરી નિયંત્રણો ફરમાવવામાં આવેલ છે.

(૧) પોરબંદર શહેરના જુના કુંભારવાળા વિસ્તાર, શિંગળિયા શેરી, લીમડા ચોકની પાછળની ગલીમાં દક્ષિણે "નઝીર મુસા રાવપુડા" ના ઘરથી ઉત્તરે "રમેશ દેવજી પરમાર" ના ઘર સુધી તથા "આરીફભાઈ કુરેશી" ના ઘરથી દક્ષિણે "જીતેન્દ્ર ધીરજલાલ લાખાણી" ના ઘર સુધીનો સંપૂર્ણ શેરીનો વિસ્તાર

(૨) પોરબંદર તાલુકાના રાતીયા ગામમાં રાતીયા વાડી વિસ્તારમાં ખોડિયાર મંદિરની પાસે નેશનલ હાઈવેથી પશ્ચિમ દિશામાં ઉત્તરે "હીરા ગાંગા ફટાણીયા" ના ઘરથી દક્ષિણે "લાખા રામા કોડીયાતર" ના ઘર સુધીનો રોડ સામેનો સંપૂર્ણ વિસ્તાર

(૩) પોરબંદર શહેરના છાંયા ગામે ગાંધી આશ્રમ શેરી નં.૭, સ્વામિનારાયણ ગુરૂકુળ પાછળના વિસ્તારમાં પૂર્વમાં "કેશુ દેવા પરમાર" ના ઘરથી પશ્ચિમે "અનિલ અર્જુન કુંડલા" ની દુકાન સુધી તથા દક્ષિણે "રાજેશ અરજન કુંડલા" ના ઘરથી પૂર્વમાં "પ્રવિણભાઈ મોરારજી જોશી" ના ઘર સુધી રોડ સામેનો સંપૂર્ણ વિસ્તાર

આ બાબતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : જી.પં./આરો/કોવીડ–૧૯/માઈક્રો કન્ટેઈમેન્ટઝોન/રદબાબત/૨૦૨૦ અનુક્રમ નં.૧૦૧૦૯, ૧૦૧૧૧ અને ૧૦૧૧૨ તા.૩૧/૦૭/૨૦૨૦ થી થઈ આવેલ દરખાસ્તો મુજબ આ વિસ્તારમાં હાલ કોઈ એકટીવ કેસ ન હોય જેથી આ વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોનનાનિયંત્રણો હટાવવા દરખાસ્ત થઈ આવેલ છે. આ તમામ હકિકતધ્યાને લેતા ઉપરોકત વિસ્તારોને હવે કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે ચાલુ રાખવાનું આવશ્યકતા જણાતી નથી. વાસ્તે હું **ડી.એન.મોદી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ પોરબંદર** ફોજદારી કાર્યરિતિઅધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪, The Disaster Management Act 2005 ની કલમ–૩૦ તથા કલમ–૩૪ અને The Gujarat Epidemic Deases. COVID-19 Regulations, 2020 ની કલમ–૨અન્વયે મળેલ સત્તાની રૂએ ઉપરોકત વિસ્તારોને હવે કન્ટેઈનમેન્ટ ઝોનનાનિયંત્રણમાંથી મુકત જાહેર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૩/૦૮/૨૦૨૦ના રોજ મારી સહી તથા સીકકો કરી આપેલ છે.

(ડી.એન.મોદી)
જિલ્લા મેજિસ્ટ્રેટ
પોરબંદર

નકલ રવાના :–

૧. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદરબહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૨. પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર વધારાની ૨૦ નકલ સાથે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ
૩. મુખ્યજિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદર વધારાની ૨૦ નકલ સાથે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ